ઔરતની આગનો મણ કુધીડુલાલ

રચી પ્રશીધ્ધ કરનાર

M. M. JOSHI

અને છાપવાનો સર્વ હક્ક

હશુમઅલી અબદુલતઇએબે રાખ્યોછે

મુંબઇ મધે

ધી રોઅલ પ્રીંટીંગ પરેસમાં છાપી

સને ૧૮૮૯ શા૦ ૧૯૪૫

કીંમત દોઢ આનો.

३७७१

સુરતની આગનો મહા દુઃખી હેવાલ

કેશી સહીયર જેનો કંથડો એ રાગ

આગે અનરથ અતિસે કર્યા,
બાળ્યો ગરીબનોધાણ—ના આગે ઠેક ૧
સોરે વરસ પર શીહતીરે,
સોભા સુરતની માંહય.
મુંબઇ થકી ભાગી પડયું,
બારૂં ખુટયું મુંબાઇ જ્યાંય—આગે ૨
શાની રૂપે સુરત પૂંઠેરે,
થયાં આગ રેલ કાળ.
રેલે રડાવી લોકને,
આગે કર્યાં પાયમાલ—આગે ૩
સન અઢાર ત્રીસ સાતમાંરે,
લાગી સુરતમાં આગ.
ત્રણ દીવસમાં શેહેરનો,
બાળ્યો અરધારે ભાગ—આગે ૪

રેલ ઘણીવાર આવીનેરે,
ક્યાં કામ આમે ખ્વાર.
તેરે દીવસના નથી ડર્યાં,
ફરી ઠેકાણું સૌધ્વાર—આગે ૫
પડતા ઊપર પાટું પડેરે,
જુઓ નજરે આ હાલ.
જુને અસલ રૂપે બની,
આગે ભરી મોટી ફાળ—આગે ૬
આજે નેવાસી સાલનેરે,
છે અપ્રેલ માસ.
છઠી તારીખ ત્રણ વાગતાં,
પડ્યો લોક મન ત્રાસ—આગે
પ્રથમ બુહાનપુરી ભાગળેરે,
પડ્યો હાહાકાર.
ત્યાંની દુકાનો પુરી કરી,
કીધા કાટ પીટીયા ખ્વાર—આગે ૮
સઇયદ પરાના સાગમાંરે,
ભાંગડી વાડનો નાસ.
ત્રીજે હાથે હરીપુરૂ હદ્દે,

બીધા છસેં ઘરનો ત્રાસ—આગે ૯
નવાપરા ખુદેલવાડ પછીએ;
લીમડા ચોકનો ભાગ.
રાણી તળાવ બળતાં થયાં.
જોતાં જાય સૌના પ્રાણ—આગે ૧૦

આગ પ્રસંગે ઘરબારથી નીરાધાર થએલ

સ્ત્રી પુરૂષના જોડાએ કીધેલો વિલાપ.

રાગ બંજારા.

સ્ત્રી—આતે કોપ કેવો નડારો, પતી કેમ થશે છુટકારો—ટેક
આખું શેહેર સળગી ઉઠ્યું, સર્વનું આગે લુટ્યુંજી,
કેમ થશે આમાંથી ઉગારો—આતે ૧
પાયમલ થયું ઘર આજે, તે જોઇ રદય તો દાઝેજી
ક્યાં કરશું આપણ ઉતારો—આતે ૨
જોઇ આગને,બાળ છળેછે, મારૂં મન ભડકે બળેછેજી
હવે ક્યાં જવું આપ વિચારો—આતે ૩
ખાલી હાથે હવે ક્યાં જઇશું, રોતાં બાળને ક્યાં જઇ રહીશુંજી
કેમ જાશે હવે જનમારો—આતે ૪
મારાં વસ્ત્ર આભુષણ રહ્યાંછે, સાથે દાગીના સૌ પડ્યાંછેજી

કેમ રૂઠયો પ્રભુ તુ મારો—આતં ૫
મારી નજરે ભડકા બળેછે, ચીત મારૂં તે જોઈ જલેછેજી.
મારી સન રડે છે હજારો—આતં ૬
કોઈ ન્હાતું નાસે નજરે, કોઈ જીવ લઈને પસરેજી.
પણ ભાઈ નજર નથી મારો—આતં ૭

પુરૂષ લાવણી.

સુણ પ્યારી કહું છું વાત, દુખની આજે,
જોઈ ચરરર ચીતડું ચળે દુખી દીલ દાઝે ૧
નથી રહ્યો કરવા કામ, દામ નહી હાથે,
થયો અન્ન વસ્ત્રથી દુખી પડ્યું દુખ માથે ૨
ક્યાં જવું અને શું થશે, પ્યારી તું કહેને
આ જોને રહ્યું છે જળી જરી અહીં રહેને ૩
જો હુરી પરાની હાર, જ્વાળાએ ઝડપી
જો લાલ દરવાજા ભણી આગ જઈ અડપી ૪
હાય હાય થશે શું આજ, આપણો નાસ
શું આવ્યો આખરનો અંત દીસે છે ત્રાસ ૫
તું બાલ તાણી સંભાલ રાખ જે પ્યારી
તું થતી નહી તે થકી, જરા પણ ન્યારી ૬

ક્યાં ગયા છોટમ ને નાનુ, શોધીને લાવું,
એ પુત્રતણા વિયોગે દુખીતો થાવું: ૭

મુંબઈ માંહેલા સુરત વાસીઓનો ગભરાટ.

બેડો થાઈ બુડંતો તારોરે એ રાગ

સુણી કાનવાત સુરતનીરે ગમગીન છે મુંબાઇ વતની
તાર થકી ખબર થઇ સૌને, સુણી થયાં દીલગર.
એક બીજામાં પુછપાછ કરતાં થરથર કંપે શરીર—સુણી ૧
દીસે શોકાતુર સુરતીઓ સહુ વૃધ્ધ જુવાનને બાળ
આગ તણા ખબર થકીતો ઉઠી સરવને ઝાળ—સુણી ૨
પારસી વોરા સુરતીઓપર, આવ્યા સુરતથી તાર,
મેલ પ્રથમથી ઊપડી ગએલા લોક બનયા નિરાધાર—૩
ચર્ચગેટને ગરાંટરોડપર, થયો માણસનો જમાવ,
શોકાગ્નીમાં સહુ ડુબેલા દીસે દુખી દેખાવ—સુણી ૪
તારઊપર તાર સહુના આવે લોક ભેગા બહુ થાય,
વાંચી વીગત વીલાપ કરતાં, ગરાંટરોડપર જાય—સુણીપ
અરજી સુણી સાહેબે સહુની ટરેન કરી તઈયાર
રાતના બે વાગેરે ઉપડી જવા સુરત મોઝાર—સુણી ૬
ગલીએ ગલીએ નાકે નાકે વાતો સુરતની થાય;
એક બીજા કલ્પાંત કરતા મેર પોતને ય—સુણી ૭

એક બુઢી ડોશીનો વિલાપ.

વૈદરભી વનમાં વલવલે—એ રાગ.

અગ્ની માતા આતે શું કરયું વાળ્યું પૂરવેનું વેર
નથી રહેવા ઠામ ઠીકરૂં, આરો મુજપર કેર—અગ્ની ૧
ઠામ થકી ઠરી બેસતી, તેનો કીધો તે નાસ,
સહાય નથી આ સમે કરવો ક્યાં જઇ વાસ—અગ્ની ૨
ઘણીરે દુખીઉં છું આ સમે, થાતાં પૂત્રનું મરણ,
તે તાણો જખમ રૂઝયો નથી, રહું કોના જઇ શરણ—અગ્ની ૩
હતોરે થોડો દામ ધામમાં તેનો કરયો તેં સંહાર,
તે થકી દીન ગુજારતી, હવે રહ્યો ન આધાર—અગ્ની ૪
દુખ દરીઆમાં ડુબી પડી, તરવા નહીકો ઉપાય,
વૃધ્ધરે પણામાં દુખીઅની ન રહ્યું કોઈ સહાય—અગ્ની ૫
આ થકી તો મરવું ભલું, વીખ ખાવા ન દામ,
હામ હવે હું હારી છું, જપું પ્રભુ તુજ નામ—અગ્ની ૬

સમાપ્ત.

જાહેર ખબર.

આ નીચે લખેલી ચોપડીઓ અમારે ત્યાંથી રોકડી કીમતે વેચાતી મલશે

લોક ગીત ગાયન સંગ્રહ ૦—૪—૦

ઠે૦—મુંબઈ બાહાર કોટ મછીબજારના નાકા પર ધી રોયેલ છાપાખાનામાં તથા સુરત મધે મંચેરજી પોરતવાલાની દુકાને મળશે

થોડા દીવસમાં અમારા તરફથી સુરતની આગની વારતાની ચોપડી છપાઇ બાહેર પડશે, ગુણી ગ્રાહકો એ ઊપર લખેલા સરનામા પ્રમાણે નામ નોંધવવા ચુકવુ નહી. કીં૦ રૂ. ૦ા

ઇશુફઅલી અબદુલનઇએબ